## <u>ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજી અંગેની નોટીશ</u>

આથી લાગતા–વળગતા તમામને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીના રદબાતલ ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજી **<u>મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, (ફાર્મ), દાંડી રોડ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી</u>** ખાતે તા. <u>૨૩/૦૩/૨૦૨૧</u> ના રોજ સવારે <u>૧૦.૦૦</u> કલાકે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતાં ઇસમો રૂા. ૫,૦૦૦/– જમા કરાવી ભાગ લઈ શકશે. સામાન હરાજી ના આગલા દિવસે હરાજીના સ્થળે જોઇ શકાશે.

**નોંધ : હરાજીની શરતોની વિગત nau.in વેબ સાઈટ પર તા. <u>૨૦/૦૩/૨૦૨૧</u> સુધી જોવા મળશે.**

સંશોધન વૈજ્ઞાનિક (શેરડી)

**હરાજીની શરતો :–**

૧. હરાજીમાં ભાગ લેનાર ઇસમે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ડિપોઝીટ પેટે જમા કરાવ્યા બાદ "બોલી" બોલી શકાશે. હરાજી પૂર્ણ થયા બાદ ઉંચા ભાવ બોલનાર પ્રથમ, બીજા તથા ત્રીજા સિવાયના ઇસમોની ડિપોઝીટ પરત કરવામાં આવશે.

૨. જે ઇસમની માંગણી મંજુર કરવામાં આવશે તેમણે હરાજીની વસ્તુઓ તેમના ખર્ચે પુરેપુરા નાણાં ભરી કામકાજના દિવસો દરમ્યાન બે દિવસમાં કચેરીની જાણ હેઠળ કચેરીમાંથી ગેટ પાસ મેળવી લઇ જવાની રહેશે. નિયત સમયમર્યાદામાં હરાજીની વસ્તુઓ અત્રેથી લઇ ન જનાર ઇસમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

૩. હરાજીમાં જે ઇસમ વધુ રકમથી માંગણી કરશે તેમની બોલી મંજુર કરવામાં આવશે તેમ છતાં ભાવો અથવા બધા ભાવો રદબાતલ કરવા અથવા સ્વીકારવાનો અબાધિત અધિકાર ન.કૃ.યુ. નવસારી પાસે રહેશે.

૪. હરાજીમાં મુકેલ વસ્તુઓ જાહેર રજાના દિવસો સિવાય કામકાજનાં દિવસોએ ફાર્મ ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં જોઇ શકાશે.

૫. હરાજીમાં જે તે ઇસમે ડિપોઝીટ ભરી હશે તે જ ઇસમ હરાજીમાં ભાગ લઇ શકશે. ફોટો આઇડી કાર્ડ સાથે રાખવાનું રહેશે.

૬. પ્રવર્તમાન પરિસ્થિતીની ધ્યાને લઇ કોવીડ–૧૯ ની ગાઇડ લાઇન મુજબનું પાલન કરવાનું રહેશે. મોં પર માસ્ક પહેરવું ફરજીયાત રહેશે તથા સોશયલ ડિસ્ટન્સ જાળવવું. હરાજી દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસ / ફાર્મ ખાતે શિસ્તાનું સખતાઇથી પાલન કરવાનું રહેશે. એમ ન કરનારને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં અને સ્થળ છોડી જવાનું રહેશે.

**હરાજી માટેનું સ્થળ : મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર,(ફાર્મ), દાંડી રોડ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.**

સંશોધન વૈજ્ઞાનિક (શરેડી)
મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી